


નવા વર્ષને આવકારવા માટે લોકોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે ત્યારે સુરત શહેરમાં તે ઉપરાંત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અને આખા રાજ્યમાં વિતેલા વર્ષમાં બનેલા બનાવો, ઘટનાઓ તથા અગત્યના સમાચારોના સંસ્મરણોને વાગોળવાનો પ્રયાસ આ પૂર્તિ દ્વારા કરવામાં આવ્યો છે. વિતેલા વર્ષમાં જો વેપારની વાત કરીએ તો સુરતના સૌથી મોટા ગણાતા હીરા ઉદ્યોગે કારમી મંદીનો સામનો કરવો પડ્યો હતો. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સતત ડ્રગ્સ મળવાની ઘટનાઓ બની હતી તો રાજકીય રીતે લોકસભામાં ભાજપે બનાસકાંઠામાં બેઠક ગુમાવતા 26માંથી 26 બેઠક મેળવવાની હેટ્રિક કરવાનો મોકો ગુમાવ્યો હતો. તો સુરતના રાજકારણમાં નગરસેવકો સતત ચર્ચામાં રહ્યાં હતાં. બીજી તરફ સમગ્ર દેશને હચમચાવી નાંખે તેવો અગ્નિકાંડ રાજકોટના ગેમઝોનમાં થયો હતો. તો બીજી તરફ માત્ર સરકારી યોજનાનો લાભ લેવા અમદાવાદની હોસ્પિટલે બોગસ ઓપરેશન કરતાં કેટલાકના મોત થયા હતા.

## નકલીની બોલબાલા




**એપ્રિલ, 2024 :** ગુજરાત યુનિવર્સિટી પોલીસે સૌરિશ ઘોષ નામના ઠગને પકડી લીધો હતો. તે નકલી ગૃહમંત્રાલયના અધિકારી તરીકે ઓળખ આપતો હતો.

### નકલી સ્કૂલ

**5 જુલાઈ-2024 :** માલિયાસણ નજીક પીપળિયામાં ગૌરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના નામે છેલ્લા 6 વર્ષથી શિક્ષણ વિભાગની મંજૂરી વિના ધમધમતી નકલી સ્કૂલને સીલ કરવામાં આવી હતી.

**ઓગસ્ટ, 2024 :** સુરતના કામરેજથી નકલી IPS પ્રદીપ પટેલ ઝડપાયો હતો.

**ઓગસ્ટ, 2024 :** સુરતના સિંગણપોર પોલીસે મહિલાઓની પજવણી કરતા નકલી CID અધિકારી તરૂણ ભટ્ટને પકડી પાડ્યો હતો.

**સપ્ટેમ્બર, 2024 :** હિમાંશુ રાય નામનો ઠગ નકલી કસ્ટમ અધિકારી બનીને ફરતો હતો. તે સુરતના વરાછા પાસેથી ઝડપાયો

**સપ્ટેમ્બર, 2024 :** પ્રકાશ નાઈ નામનો વ્યક્તિ નકલી ડેપ્યુટી કલેક્ટર બનીને રોફ જમાવતો હતો તેને બાયડ પાસેથી પકડી લેવાયો હતો.

**સપ્ટેમ્બર, 2024 :** નકલી CBI અધિકારી બનીને ફરતા હિતેશ્વરસિંહ મોરીને ઝડપી લેવાયો હતો. તેની પૂછતાછ કરતાં તે સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નીકળ્યો હતો.

**સપ્ટેમ્બર, 2024 :** નેતાઓ સાથેના ફોટા બતાવી લૂંટ ચલાવનાર ભરત છાબડા પોતાની ઓળખ નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી તરીકે ઓળખ આપતો હતો.

**નવેમ્બર, 2024 :** પોતાની ઓળખ IAS તરીકે આપીને અમદાવાદમાં બાઉન્સર સાથે ફરતા મેહુલ શાહ નામના વ્યક્તિને દબોચી લેવાયો હતો.

### નકલી જજ

**22 ઓક્ટોબર-2024:** મોરિસ સેમ્યુલ ક્રિશ્ચયન નામના શખ્સે આર્બિટ્રેટર જજ બનીને ગાંધીનગરમાં નકલી કોર્ટ ખોલી નકલી સ્ટાફ અને વકીલો રાખીને કોર્ટનો માહોલ ઊભો કર્યો હતો.

### નકલી IAS અધિકારી

**નવેમ્બર, 2024 :** મોરબીમાં રહેતા અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પકડેલા મેહુલ શાહ નામના આરોપીએ પોતે નકલી IAS હોવાની ઓળખ આપીને અનેક લોકો સાથે છેતરપિંડી કરી હતી. આરોપી પોતે IAS અધિકારી છે તેવું સાબિત કરવા માટે ઇનોવા ગાડીમાં અવરજવર કરતો હતો. જેમાં સાયરન અને લાલબત્તી પણ લગાવી હતી. આરોપી સાથે બાઉન્સર પણ રાખતો હતો.

**5 ડિસેમ્બર, 2024:** સુરત ઝોન-4 પોલીસ દ્વારા 14 જેટલા બોગસ ડૉક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. બોર્ડ ઓફ હોમિયોપેથીનો ડાયરેક્ટર અમદાવાદના બીકે રાવતની પણ સુરત પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેમાં 1200 જેટલી બોગસ ડિગ્રીના ડેટા પણ મળી આવ્યા હતા. જેમાં BEHM.COM ગુજરાતની વેબ પોર્ટલના માધ્યમ પરથી રજીસ્ટ્રેશન કરતા હોવાની જાણકારી મળી હતી.

## 2024 ફ્લેશ બેક

- ધો. 12ની પરીક્ષામાં આણંદના કરમસદમાં માસ કોપી કેસ, સમગ્ર સ્ટાફ સસ્પેન્ડ
- બુટલેગરે ગાડી ચડાવી, બુટલેગર સાથે મહિલા પોલીસ પણ હાજર હતી
- નડિયાદની મહેફીલમાં મારામારી કરનારા ત્રણ પી.આઈ. સસ્પેન્ડ
- રાજકોટ અગ્નિકાંડના આરોપી સાગઠિયાના લોકરમાંથી પાંચ કરોડ રોકડા અને 15 કિલો સોનુ મળ્યું
- દ્વારકા જિલ્લાના ધારાગઢ ગામે એક જ પરિવારના 4 સભ્યોએ સામુહિક આપઘાત કરી લીધો
- ડિજિટલ એરેસ્ટ કરી લોકો સાથે ઠગાઇ કરતી ગેંગના 21 સભ્ય ઝડપાયાં
- ગુજરાતની સહકારી બેંકો પર સાયબર એટેક થતા 5,000 કરોડથી વધુના વ્યવહારો અટક્યા
- મહેસાણામાં દિવાલ ધસી પડતાં 9 શ્રમિકનાં મોત
- અમદાવાદ એરપોર્ટ પરથી ISના ચાર જેહાદી ઝડપાયા
- અમિત શાહના એડિટેડ વિડીયો વાયરલ કેસમાં જીગ્નેશ મેવાણીના પીએની ધરપકડ
- ATSએ આર્મીના જાસૂસીકાંડમાં જામનગરના એજન્ટની ધરપકડ

## ડ્રગ્સ

દ્વારકા દરિયાકિનારેથી 16 કરોડના ડ્રગ્સના 30 પેકેટ્સ મળી આવ્યાં

વેરાવળ બંદર પરથી 350 કરોડનું 50 કિલો હેરોઇન ઝડપાયા




સૌરાષ્ટ્રના દરિયા કાંઠેથી 1000 કરોડનું ડ્રગ્સ પકડાયું

અરબ સાગરમાંથી 602 કરોડના ડ્રગ્સ સાથે પાકિસ્તાનીઓ ઝબ્બે

# રાજકોટના ગેમઝોનમાં ભીષણ આગ, 30 જ સેકન્ડમાં 12 બાળકો સહિત 28 જિંદગી રાખ



ગાંધીનગરઃ રાજકોટમાં 25મી મે ગોઝારો દિવસ સાબિત થયો હતો. કાલાવડ રોડ ઉપર સયા હોટલ પાસે ‘ટીઆરપી’ ગેમઝોનમાં આગની દુઘર્ટનામાં 12 બાળકો સહિત 27 લોકોના મોત નીપજ્યાં હતા. વેલ્ડિંગ કામકરતી વખતે સિલિન્ડર ફાટતાં ભભૂકેલી આગને લીધે 30 સેકન્ડમાં આખો ગેમઝોન બળીને ખાક થઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે ગેમઝોનમાં ઈમરજન્સી એક્ઝિટ ગેઈટ જ ન હતો. ઘટનાએ માત્ર ગુજરાતને જ નહીં પરંતુ સમગ્ર દેશને હચમચાવી નાંખ્યું હતું. આ ઘટના બાદ ફાયર એનઓસી વિના ચાલતા તમામ ગેમઝોન બંધ કરવા સરકારે આદેશ આપ્યો હતો. દુર્ઘટનામાં પાંચ અધિકારીઓની ટીમને તપાસ સોંપવામાં આવી હતી. પીએમ મોદી એ દુર્ઘટના અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. રાજકોટમાં દુર્ઘટના બની પછી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પણ તંત્ર દોડતું થઈ ગયું હતું. કલેકટર, પોલીસ, મનપા, વીજ કંપની અને મનપાના અધિકારીઓની ટીમ બનાવી ફાયર એનઓસી વિના ચાલતા ગેમઝોન બંધ કરાવવામાં આવ્યા હતા.




## ખ્યાતી હોસ્પિટલમાં પીએમજેવાયનો ખોટો લાભ લેવા ખોટા ઓપરેશન

કડી તાલુકાના બોરીસણામાં મેડીકલ ચેકઅપ કેમ્પ યોજીને એસ જી હાઇવે પર આવેલી ખ્યાતી હોસ્પિટલના તબીબોએ 19 દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર અપાવવાનું કહીને 17 દર્દીઓને એન્જિયોગ્રાફી અને બે દર્દીઓને સ્ટેન્ટ મુકવાના ઓપરેશન કર્યા હતા. જેમાં દર્દીઓના મોત નીપજતા સમગ્ર હોબાળો થયો હતો. આ અનુંસધાનમાં રાજ્યના આરોગ્ય વિભાગે એક વિશેષ કમિટીની રચના કરીને તપાસ કરતા ચોંકાવનારા તથ્યો સામે આવ્યા હતા. જેમાં માત્ર પીએમજેએવાય હેઠળ આર્થિક લાભ લેવા માટે તમામને કોઇ ખાસ બિમારી ન હોવા છતાંય, ઓપરેશન કરવામાં આવ્યા હતા અને ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી.

## રાજકોટમાં ગુજરાતની પ્રથમ એઇમ્સનું લોકાર્પણ કરતા વડાપ્રધાન



ગુજરાત રાજ્યને પ્રથમ એઈમ્સ હોસ્પિટલની ભેટ મળી છે. વડાપ્રધાન મોદીના હસ્તે એઇમ્સની 250 બેડની IPDનું લોકાર્પણ કરાયું. પરાપીપળિયા ગામ નજીક 1200 કરોડના ખર્ચે AIIMSનું નિર્માણ થયું છે. AIIMSમાં 4 ઓપરેશન થિયેટરની સુવિધા, ઈમરજન્સી વોર્ડમાં 3 ઝોન 20 જેટલા વિભાગ અને 23 જેટલી મલ્ટિસ્પેશિયાલિટી સારવાર ઉપલબ્ધ છે. રાજકોટ AIIMSમાં IPD સેવા કાર્યરત થવાથી સૌરાષ્ટ્ર સહિતના રાજ્યના દર્દીઓના મોટી રાહત મળી છે. રાજકોટ AIIMSમાં 5 જેટલી સ્પેશિયાલિસ્ટ સારવારનો પણ સમાવેશ કરાશે. એઇમ્સમાં ખૂબ નજીવા દરે દર્દીઓને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવશે. હજુ એઈમ્સનું સંપૂર્ણ કામ પૂર્ણ થતાં સમય લાગશે. જ્યારે આ પછી નજીકના સમયમાં તબક્કાવાર મલ્ટિસ્પેશિયાલિટી સહિતની સારવાર ઉપલબ્ધ બનશે.

## પાટણની ધારપુર મેડિકલ કૉલેજમાં રેંગિંગમાં વિદ્યાર્થીનું મોત

ધારપુર મેડિકલ કોલેજનો ફર્સ્ટ યરનો MBBSનો વિદ્યાર્થી અચાનક બેભાન થયો હતો અને તેનું મોત થયું હતું. કોલેજના જ સિનિયર વિદ્યાર્થીઓએ રેગિંગ કરતાં તેનું મોત નીપજ્યું છે. અગાઉના દાયકાઓ પીટીસી કોલેજ ગેંગરેપ ઘટના બાદ હવે રેગિંગથી પાટણનું નામ ખરડાયું છે. ત્યારે મેડિકલ કોલેજના સિનિયર્સ દ્વારા જુનિયર ડોક્ટર્સનું રેગિંગ કરાતું હોવાનો આરોપ ભોગ બનનાર સ્ટુડન્ટ કરી રહ્યા છે. સિનિયરોએ જૂનિયર વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજની હોસ્ટેલમાં બોલાવ્યા હતા અને ડાન્સ કરવા, ટીશર્ટ વગેરે કાઢીને નાચવા માટે, દસ-દસ ગાળો બોલવા જેવી હરકતો કરવા દબાણ કર્યું હતુ. મૃતક વિદ્યાર્થી એ સમયે ખૂબ ડરી ગયો હતો અને રાતે 8 વાગ્યાથી રાતના 11.30 વાગ્યા સુધી તે અને અન્ય જુનિયર વિદ્યાર્થીઓને ઊભા જ રાખ્યા હતા.

## ગુજરાત

## પંચમહાલના ગોધરામાં નીટમાં ગેરરીતિનો ઘટસ્ફોટ



પંચમહાલ જિલ્લાના ગોધરામાંથી NEET ની પરીક્ષામાં ગેરનીતિ થયાનો સૌથી મોટો ઘટસ્ફોટ થયો છે. જિલ્લા કલેકટર દ્વારા આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કલેકટરની સજાક્તાના કારણે આ સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી અનુસાર, જય જલારામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પરીક્ષા સેન્ટરના ડેપ્યુટી અધિક્ષકની કારમાંથી 7 લાખ રૂપિયા રોકડા મળ્યા હતા, આ સિવાય છ વિદ્યાર્થી પાસેથી વિદ્યાર્થીદીઠ 10-10 લાખ રૂપિયા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં મોદી અને સ્પેનના વડાપ્રધાન સાંચેઝનો રોડ શો



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી શ્રી પેડ્રો સાંચેઝ સાથે મળીને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (ટીએએસએલ) કેમ્પસમાં સી-295 એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું સંયુક્તપણે ઉદ્દઘાટન કર્યું હતું. આ પહેલા મોદીએ રોડ શો કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારતમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઇકો સિસ્ટમ નવી ઊંચાઈઓ સર કરી રહી છે. C - 295 એર ક્રાફ્ટ ફેક્ટરી નવા ભારતની નવી કાર્ય સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. આ પ્લાન્ટથી બંને દેશો વચ્ચેનાં સંબંધો મજબૂત થવાની સાથે ‘મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ’નાં અભિયાનને વેગ મળશે.



## જૂના પહાડિયા ગામ બારોબાર વેચાઇ ગયું

દહેગામ તાલુકાના જૂના પહાડિયા ગામનો બારોબાર સોદો થઈ જતા ચકચાર મચી જવા પામી હતી. છે જૂના પહાડિયા ગામ વેચાઈ ગયુ હોવાની દહેગામ મામલતદાર કચેરીએ નોંધ પણ થઈ ગઈ છે. લાલચુ જમીન માલિકો અને ભૂ-માફિયાઓએ વર્ષોથી વસેલા ગામને ખુલ્લી જગ્યા દર્શાવીને દસ્તાવેજ કરાવ્યો છે. દસ્તાવેજ થતા રજિસ્ટ્રાર ઓફિસે કાચી નોંધ પડી હતી. ગ્રામજનોને ઘટનાની જાણ થતા તેમના પગ તળે જમીન સરકી ગઈ હતી. આ પ્રકરણમાં સરકાર તાત્કાલિક હરકતમાં આવી હતી અને કેટલાક લોકોની ધરપકડ કરી હતી.

## ગુજરાતમાં નવી જંત્રીની જાહેરાત કરવામાં આવી: બિલ્ડરો નારાજ

રાજ્ય સરકાર દ્વારા સૂચિત જંત્રીદર જાહેર કરવામાં આવ્યા હતા, જે બેથી ત્રણ ગણા વધી ગયા હોવાના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરથી લઈને સામાન્ય નાગરિકોને ખૂબ મોટી અસર થવાની છે. ક્રેડાઈ અમદાવાદ GIHED દ્વારા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી એકસાથે જંત્રી દરના વધારાને લઈ વિરોધ નોંધાવ્યો હતો. સૂચિત જંત્રીદરના વાંધા-સૂચનો રજૂ કરવા માટે 30 દિવસની જગ્યાએ 31 માર્ચ 2025 સુધીનો સમય માગ્યો હતો. વાંધા-સૂચનો રજૂ કરવા માટેની ઓનલાઇન પ્રક્રિયાની સાથે ઓફલાઈન પ્રક્રિયા પણ કલેક્ટર અથવા મામલતદાર ઓફિસમાં કરી શકાય એવી વ્યવસ્થા ગોઠવવા પણ માગ કરી હતી.



## વડોદરામાં પૂર : ગુજરાતના છ જિલ્લા લશ્કરના હવાલે

**વડોદરામાં ખાબકેલા ભારે વરસાદના કારણે સમગ્ર શહેર જળબંબાકાર બન્યું છે તો આજવા સરોવરમાંથી સતત પાણી છોડવામાં આવતા વિશ્વામિત્રી નદી પણ ગાંડીતૂર બની છે. વિશ્વામિત્રી નદીના જળસ્તર સતત સતત વધી રહ્યું છે અને હવે તે ભયજનક સપાટી કરતાં ઉપર વહી રહી છે. વિશ્વામિત્રી નદી હાલ 33 ફૂટે વહી રહી છે જેના કારણે સમગ્ર શહેરમાં પૂરના પાણી ફરી વળ્યા હતા .**



પોરબંદરમાં મેઘતાંડવ 36 કલાકમાં 22 ઈંચ વરસાદ

દેવભૂમિ દ્વારકામાં પાંચ દિવસમાં ૫૦ ઈંચ વરસાદ

બોરસદમાં 24 કલાકમાં 14 ઈંચ વરસાદના પગલે તારાજી

## લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં 59.51 ટકા મતદાન, ગેનીબેન ઠાકોરે ક્લિન સ્વીપની હેટ્રિક રોકી

**ધગધગતા તાપ વચ્ચે લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીના ભાગરૂપે ગુજરાતમાં મતદાન યોજાયું હતું. એક બેઠકના ઉમેદવાર બિનહરિફ જાહેર થયા બાદ બાકીની 25 બેઠકો પર 59.51 ટકા મતદાન થયું હતું. વલસાડમાં સૌથી વધુ 72,74 ટકા થયું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપમાં મતદાન કર્યું હતું. અમીત શાહ તેમની સાથે હાજર રહ્યા હતા. મોદીએ મોટાભાઈને પગે લાગી મતદાન કર્યું હતું. મોદીએ એસપીજી સલામતી રક્ષકને દૂર હટાવી સમર્થકોનું અભિવાદન ઝીલી આભાર માન્યો હતો. જો કે બનાસકાંઠા બેઠક જીતી લઇને ભાજપના ગેનીબેન ઠાકોર ભાજપની 26માંથી 26 બેઠક જીતવાનું સપનું ચકનાચૂર કરી નાંખ્યું હતું.**

- મોઢવાડીયાના કોગ્રેસને રામ રામ, અંબરિષ ડેર ભાજપમાં જોડાયા
- વડોદરાના પૂર્વ મેયર જયોતિબેન પંડ્યા ભાજપમાંથી સસ્પેન્ડ
- ભાજપનું કોંગ્રેસીકરણ, પાંચ આયાતી ધારાસભ્યને વિધાનસભાની ટીકીટ
- અમદાવાદના કોંગ્રેસ કાર્યાલય પર ભાજપ પ્રેરિત હિન્દુ સંગઠનોનો હુમલો
- સુરત અને વડોદરા બાદ અમદાવાદમાં ભાજપમાં પત્રિકા કાંડ

